

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 110
Dt.: 24-02-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa

વિદેશી પ્રવાસીઓ સહિત ૨૪ ઈજાગ્રસ્ત

# નેપાળમાં મોટી દુર્ઘટનાઃ ત્રિશૂલી નદીમાં બસ ખાબકતા ૧૭ના મોત

### પોખરાથી કાઠમંડુ જઈ રહેલી મુસાફરોને લઈ જતી બસ બેનીઘાટ રોરાંગ ગ્રામીણ નગરપાલિકા-૫ પાસે પૃથ્વી હાઈવે પરથી નીચે ઉતરી ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાંઠમાડું

નેપાળમાં આજે વહેલી સવારે એક મોટી અને હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે.

મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ બનીને ત્રિશૂલી નદીમાં ખાબકતા અત્યાર સુધીમાં ૧૭ લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ અકસ્માત પૃથ્વી હાઈવે પર સર્જાયો હતો.નેપાળના ધાદિંગ જિલ્લામાં સોમવારે વહેલી સવારે અંદાજે ૧:૩૦ વાગ્યે એક ભયાનક બસ અકસ્માત સર્જાયો હતો. પોખરાથી કાઠમંડુ જઈ રહેલી મુસાફરોને લઈ જતી બસ બેનીઘાટ રોરાંગ ગ્રામીણ નગરપાલિકા-૫ પાસે પૃથ્વી હાઈવે પરથી નીચે ઉતરી ગઈ હતી અને અંદાજે ૩૦૦ મીટર નીચે સીધી ત્રિશૂલી નદીમાં ખાબકી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બસ નદી કિનારે પહોંચતા સુધીમાં સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી.

સશસ્ત્ર પોલીસ દળ ના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૭ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જેમાં ૧૧ પુરુષો અને ૬ મહિલાઓનો સમાવેશ થાય છે. અકસ્માતમાં ૨૪ થી ૨૭ જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમને તાત્કાલિક વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ઘાયલોમાં વિદેશી પ્રવાસીઓ અને એક નાની બાળકીનો પણ સમાવેશ થાય છે. અંધારું અને પહાડી વિસ્તાર હોવા છતાં સુરક્ષા એજન્સીઓએ રાત્રે જ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું હતું.ઘટનાસ્થળે નેપાળ પોલીસ, આર્મ્ડ પોલીસ ફોર્સ અને આપત્તિ વ્યવસ્થાપન યુનિટના ડાઈવર્સની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. જોકે અકસ્માત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ વળાંક પર ચાલકે કાબૂ ગુમાવ્યો હોઈ શકે છે. મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. નેપાળમાં પહાડી રસ્તાઓ અને ખરાબ હવામાનને કારણે વારંવાર આવા અકસ્માતો સર્જાતા હોય છે, પરંતુ આ દુર્ઘટનાએ ફરી એકવાર મુસાફરોની સુરક્ષા પર સવાલો ઉભા કર્યા છે.



ફાસ્ટેગ-યુપીઆઈ જ ચાલશે

# ૧ લી એપ્રિલથી નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર કેશ પેમેન્ટ બંધ થશે

### નેશનલ હાઈવેના વપરાશકર્તા માટે અવજવરને સરળ બનાવવા હાઈવે ઓથોરિટીની વિચારણા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હાઈવે ઓથોરિટી NHAI પહેલી એપ્રિલથી હાઈવે ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણીની પ્રથા સંપૂર્ણ બંધ કરવાની વિચારણા કરી કરી રહી છે. તેનાથી વાહન ચાલકોએ ટોલ ચુકવણી માટે ફક્ત FASTag અથવા UPI જેવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવો પડશે અને ટોલ પ્લાઝા સંપૂર્ણપણે કેશલેસ બને તેવી શક્યતા છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ જણાવ્યું હતું કે આના અમલ પછી નેશનલ હાઈવે ફી પ્લાઝા પરની તમામ ટોલ ચૂકવણી ફક્ત ડિજિટલ માધ્યમથી થશે. ટોલની ચુકવણી માટે FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI)નો ઉપયોગ કરવો પડશે. આ સૂચિત પગલાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમથી થયેલા લાભને




વધુ મજબૂત કરવાનો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી પ્લાઝાની કામગીરીને કાર્યક્ષમ અને વિશ્વસનીય બનાવવાનો છે. આ પગલાંથી નેશનલ હાઈવેના વપરાશકર્તા માટે અવજવરની સરળતા વધારવામાં મદદ મળશે. ફી પ્લાઝા પર ભીડ ઓછી થશે અને ટોલ ટ્રાનઝેક્શનમાં વધુ સુસંગતતા અને પારદર્શકતા આવશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં FASTagના 98 ટકાથી વધુ ઉપયોગથી દેશની ટોલ કલેક્શન સિસ્ટમમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. હાલમાં મોટાભાગના ટોલ ટ્રાન્ઝેક્શન વાહનો પર લગાવવામાં આવેલા RFID આધારિત FASTag દ્વારા થાય છે. તેનાથી તમામ ટોલ પ્લાઝામાં સીમલેસ અને ટોલ પ્લાઝા પર સીમલેસ અને કોન્ટેક્ટલેસ અવરજવર સરળ બની છે. આ ઉપરાંત નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર યુપીઆઈ પેમેન્ટ સુવિધાનો અમલ કરાયો છે. તેનાથી દેશભરમાં નેશનલ હાઈવેના મુસાફરો માટે ઈન્સ્ટન્ટ અને સરળ ડિજિટલ પેમેન્ટ વિકલ્પ મળ્યો છે. હાલના નેશનલ હાઈવે ફી નિયમો અનુસાર માન્ય અને કાર્યરત FASTag વગર ટોલ પ્લાઝામાં પ્રવેશતા વાહનો પાસેથી જો રોકડમમાં ચુકવામાં કરવામાં આવે તો બમણો ચાર્જ લેવામાં આવે છે. આ ઉપરાંત નેશનલ હાઈવે યુઝર્સ જો UPI દ્વારા ચુકવણી કરવાનું પસંદ કરે છે તેમની પાસેથી 1.25 ગણા ચાર્જ વસૂલવામાં આવે છે. આ પગલાઓથી રોકડ વ્યવહારો પર નિર્ભરતા ઘટાડવા અને ટોલિંગ માળખાને ડિજિટાઈઝ કરવાના ઉદ્દેશ્યને આગળ ધપાવવામાં મદદ મળી છે. સામાન્ય રીતે રોકડ-આધારિત ચુકવણીઓ કરવામાં આવે તો ભીડમાં વધારો થતો હોય છે. તેનાથી પીક અવર્સના ટ્રાફિક સમયગાળા દરમિયાન રાહ જોવાનો સમય વધે છે અને ટ્રાન્ઝેક્શન સંબંધિત વિવાદો થાય છે.

મેક્સિકોમાં ભડકી હિંસાઃ

# અમેરિકાની મદદથી ૧૨૫ કરોડનો ઈનામી ખુંખાર ડ્રગ્સ માફિયા 'એલ મેન્ચો' ઠાર

### કાર્ટેલના સમર્થકોએ રસ્તાઓ પર નાકાબંધી કરી, વાહનોને આગ ચાંપી દીધી અને સેના સાથે અથડામણ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મેક્સિકો

મેક્સિકોમાં ડ્રગ માફિયાઓ સામે ચાલી રહેલા જંગમાં સેનાને એક ઐતિહાસિક સફળતા મળી છે. દુનિયાના સૌથી ખતરનાક અને ક્રૂર ડ્રગ લોર્ડ તરીકે જાણીતા નેમેસિયો 'એલ મેન્ચો' ઓસેગુએરાને સેનાએ એક મિલિટરી ઓપરેશનમાં ઠાર માર્યો છે.મેક્સિકોની સેનાએ રવિવારે જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ ના સ્થાપક અને મોસ્ટ વોન્ટેડ ડ્રગ લોર્ડ નેમેસિયો 'એલ મેન્ચો' ઓસેગુએરાને એક ભયાનક એન્કાઉન્ટરમાં માર્યો હોવાની જાહેરાત કરી છે. અમેરિકન ગુપ્તચર એજન્સીઓની ચોક્કસ બાતમીના આધારે મેક્સિકન સ્પેશિયલ ફોર્સ દ્વારા જલિસ્કોના તપાલપામાં આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ અથડામણમાં એલ મેન્ચો ઉપરાંત ૬ શંકાસ્પદ કાર્ટેલ ગનમેન પણ માર્યા ગયા છે, જ્યારે ત્રણ સૈનિકો ઘાયલ થયા છે. ઘાયલ હાલતમાં એલ મેન્ચોને મેક્સિકો સિટી લઈ જતી વખતે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું.ટ્રમ્પના દબાણ વચ્ચે મોટી કાર્યવાહીઆ ઓપરેશન એવા સમયે થયું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મેક્સિકો પર ફેટાનાઈલ ડ્રગ્સની તસ્કરી રોકવા માટે ભારે દબાણ કરી રહ્યા છે. ટ્રમ્પે વારંવાર ટેરિફ લાદવાની ધમકી આપીને મેક્સિકોને માદક દ્રવ્યોના વેપાર સામે કડક પગલાં લેવા તાકીદ કરી હતી. અમેરિકાએ એલ મેન્ચોની ધરપકડ માટે ૧૫ મિલિયન અમેરિકન ડોલર (આશરે ૧૨૫ કરોડ) ના ઈનામની જાહેરાત કરી હતી. અમેરિકી વિદેશ વિભાગે આ ઓપરેશનને વૈશ્વિક સુરક્ષા માટે મોટી ઉપલબ્ધિ ગણાવી છે.એલ મેન્ચોના મોત બાદ મેક્સિકોના અનેક રાજ્યોમાં, ખાસ કરીને જલિસ્કોમાં ભયાનક હિંસા ફાટી નીકળી છે. કાર્ટેલના સમર્થકોએ રસ્તાઓ પર નાકાબંધી કરી, વાહનોને આગ ચાંપી દીધી અને સેના સાથે અથડામણ કરી છે. સ્થિતિને જોતા પ્રશાસને શાળાઓ, બજારો અને જાહેર કાર્યક્રમો રદ કરી દીધા છે. અમેરિકા અને કેનેડાએ પણ પોતાના નાગરિકોને મેક્સિકોના પ્રવાસ માટે ચેતવણી જારી કરી છે અને ઘણી એરલાઈન્સે ફ્લાઈટ્સ રદ કરી છે. રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શાઈનબામ દ્વારા નાગરિકોને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

# ક્લાઈમેટ ચેન્જને કારણે કેન્યામાં ભયંકર દુષ્કાળની સ્થિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)નૈરોબી

યુનાઈટેડ આરબ અમીરાતે તેની યુએઈ મેઈડ એજન્સી દ્વારા ૩૦ ટન જેટલું ખાદ્ય કેન્યા મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે કેનન્યામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ઉપરા ઉપરી દુષ્કાળ પડતો આવ્યો છે. તેના પરિણામે જનસામાન્યને, અનાજનાં ફાંફાં પડી રહ્યાં છે. બીજી તરફ વન્ય જીવન પૈકી ઘણાં પ્રાણીઓ પણ મૃત્યુ પામ્યાં છે. હકીકત તે છે કે લા-નીના ઘટનાને લીધે કેન્યા, પ્રચંડ ઋતુ પરિવર્તનનો સામનો કરી રહ્યું છે. લા-નીના પ્રવાહો સમુદ્રની સપાટી ઉપરના પવનના પ્રવાહો તેમજ સમુદ્રની સપાટી ઉપરના જળ પ્રવાહોને લીધે સર્જાય છે. કારણ કે તે પ્રવાહો સરેરાશ કરતાં ઘણું નીચું ઉષ્ણતામાન ધરાવે છે. પરીણામે જે ભૂમિ ભાગ સાથે તે પ્રવાહો અથડાય છે તે વિસ્તાર દુષ્કાળ ગ્રસ્ત બની જાય છે. કારણ કે તે પ્રવાહો ભેજ ધરાવતા નથી હોતા.'લા-નીના' ઘટનાને લીધે કેન્યા પ્રચંડ ઋતુ પરિવર્તનનો સામનો કરી રહ્યું છે 'લા-નીનાને' લીધે સમુદ્ર સપાટી સરેરાશ કરતાં વધુ ઠંડી રહેતાં ઋતુચક્ર ખોરવાયું છેઆ પરિસ્થિતિ કેટલાએ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોની અછત ઊભી કરે છે. તેટલું જ નહીં પરંતુ ઘાસ પણ પ્રમાણમાં ઓછું ઉગે છે.

વ્યાપક વિસ્તારો ધાર વીનાના સૂકાભઠ્ઠ રહેતાં ઘાસ પર નભતાંપશુઓ નાશ પામે છે અને તે પશુઓ ઉપર નભતાં માંસાહારી પ્રાણીઓ પણ ખતમ થઈ જાય છે.

મમતાએ ગુમાવ્યા જૂના સાથી

# બંગાળના રાજકારણના 'ચાણક્ય' અને પૂર્વ રેલવેમંત્રી મુકુલ રોયનું નિધન

### વર્ષ ૨૦૧૭ માં મમતા બેનર્જી સાથેના મતભેદો બાદ મુકુલ રોય ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના રાજકારણમાં જેમની ગણતરી 'ચાણક્ય' તરીકે થતી હતી, તેવા કદાવર નેતા અને પૂર્વ રેલ મંત્રી મુકુલ રોયનું નિધન થયું છે. પક્ષ પલટા અને સંગઠન શક્તિના જોરે બંગાળની સત્તાના સમીકરણો બદલવામાં તેઓ નિષ્ણાત માનવામાં આવતા હતા.તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સ્થાપક સભ્યોમાંના એક અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મુકુલ રોયનું કોલકાતાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. 71 વર્ષીય રોય લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા.



તેમના પુત્ર શુભ્રાંશુ રોયે પુષ્ટિ કરી છે કે રાત્રે અંદાજે 1:30 વાગ્યે અચાનક કાર્ડિયાક અરેસ્ટ આવતા તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુકુલ રોયે પોતાના રાજકીય કરિયરની શરૂઆત યુથ કોંગ્રેસથી કરી હતી, પરંતુ મમતા બેનર્જી સાથે મળીને TMC ની સ્થાપના કર્યા બાદ તેઓ રાષ્ટ્રીય ફલક પર ચમક્યા હતા.મુકુલ રોય લાંબા સમય સુધી મમતા બેનર્જીના 'જમણા હાથ' સમાન રહ્યા હતા. વર્ષ 2006 માં તેઓ રાજ્યસભામાં પહોંચ્યા અને ત્યારબાદ કેન્દ્રમાં રેલ મંત્રી જેવી મહત્વની જવાબદારી સંભાળી. બંગાળમાં જ્યારે વર્ષ 2011 માં તાલિબાન (CPM) ના શાસનનો અંત આવ્યો અને TMC સત્તામાં આવી, ત્યારે અન્ય પક્ષોના નેતાઓને તોડીને TMC મજબૂત બનાવવામાં રોયની ભૂમિકા સૌથી મહત્વની હતી. તેમને સંગઠનના માસ્ટરમાઈન્ડ માનવામાં આવતા હતા.વર્ષ 2017 માં મમતા બેનર્જી સાથેના મતભેદો બાદ મુકુલ રોય ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ 2019 ની લોકસભા ચૂંટણીમાં ભાજપે બંગાળમાં જે 18 બેઠકો જીતી હતી, તેમાં રોયની વ્યૂહરચનાનો મોટો ફાળો હતો.

જોકે, વર્ષ 2021 માં ભાજપની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી જીત્યાના થોડા જ સમય બાદ તેઓ ફરી TMC માં પરત ફર્યા હતા. નવેમ્બર 2025 માં કલકત્તા હાઈકોર્ટે પક્ષ પલટા વિરોધી કાયદા હેઠળ તેમને અયોગ્ય ધારાસભ્ય જાહેર કર્યા હતા. તેમના નિધનથી બંગાળના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો છે.

# તેજસ વિમાનની બ્રેક ફેલ થતાં વિમાનના ફુરચા ઉડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વાયુસેનાના સ્વદેશી લડાયક વિમાન 'તેજસ'ને લઈને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં એક દુર્ઘટનામાં તેજસ વિમાન રનવે પરથી ઉતરી જતાં તેને મોટું નુકસાન થયું છે, જેને પગલે વાયુસેનાએ સાવચેતીના ભાગરૂપે મહત્ત્વના પગલાં લીધા છે.ભારતીય વાયુસેનાનું એક તેજસ લડાયક વિમાન આ મહિનાની શરૂઆતમાં દુર્ઘટનાનો ભોગ બન્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, ૭ ફેબ્રુઆરીના રોજ એક તાલીમ ઉડાન ભરીને પરત ફરી રહેલું આ વિમાન શંકાસ્પદ બ્રેક ફેલ થવાને કારણે રનવે પરથી આગળ નીકળી ગયું હતું.

આ ઘટનામાં વિમાનના માળખાને ભારે નુકસાન પહોંચ્યું છે, જોકે રાહતની વાત એ છે કે પાયલટ સુરક્ષિત રીતે બહાર નીકળી શક્યા હતા. આ અંગે વાયુસેના દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

આ દુર્ઘટના બાદ ભારતીય વાયુસેનાએ કડક વલણ અપનાવ્યું છે. વ્યાપક ટેકનિકલ તપાસ હાથ ધરવા માટે લગભગ ૩૦ 'સિંગલ-સીટ' તેજસ જેટ વિમાનોના આખા કાફલાને હાલ પૂરતું ઉડાન ભરતા અટકાવી દેવામાં આવ્યું છે.

તેજસ વિમાન સાથે જોડાયેલી આ ત્રીજી મોટી દુર્ઘટના છે. અગાઉ માર્ચ ૨૦૨૪માં જેસલમેર પાસે અને નવેમ્બર ૨૦૨૫માં દુબઈ એરશો દરમિયાન પણ તેજસ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.આ ઘટનાઓ વચ્ચે પણ ભારતીય વાયુસેના પોતાના કાફલાને આધુનિક બનાવવા માટે ઉત્સુક છે. વાયુસેનાના ડેપ્યુટી ચીફ એર માર્શલ નાગેશ કપૂરે તાજેતરમાં જણાવ્યું હતું કે, સેના નવી પેઢીના વધુ વિમાનો સામેલ કરવા ઈચ્છે છે.



# તંત્રી લેખ......

## જાતિગત તિરાડો વધુ ઘેરી બની, યુજીસીના પગલા પર પ્રશ્નો ઉભા થયા

ઉચ્ચ શિક્ષણ કેમ્પસમાં સમાનતા લાવવાના નામે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા જારી કરાયેલી તાજેતરની માર્ગદર્શિકાએ માત્ર જાતિગત ચર્ચાને ચર્ચાના કેન્દ્રમાં લાવી નથી, પરંતુ હિન્દુ સમાજને ફરી એકવાર જાતિગત રેખાઓ પર વિભાજીત કરતી દેખાય છે. આર્થિક અને શૈક્ષણિક વિકાસને કારણે સમય જતાં જ્ઞાતિ વિભાજનની રેખાઓ ઝાંખી પડવા લાગી હતી, તે હવે ફરી ઊંડાણમાં આવી રહી છે.

વર્તમાન પરિસ્થિતિઓ મંડલ કમિશન રિપોર્ટના અમલીકરણ પછી ઉદ્ભવેલા સમયગાળાની યાદ અપાવે છે, જ્યારે હિન્દુ સમાજ સ્પષ્ટ રીતે વિભાજિત થઈ ગયો હતો. આજે, સમાજ ફરીથી તે માર્ગે આગળ વધી રહ્યો હોય તેવું લાગે છે. જાતિથી રાજકીય રીતે નફો મેળવતા કેટલાક પક્ષો ચૂંટણી લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં આ ચર્ચાને વેગ આપી રહ્યા છે. તેનાથી વિપરીત, ઉચ્ચ જાતિ સમુદાય પણ પોતાના હિતોનું રક્ષણ કરવા માટે વિદ્યાર્થીઓને સક્રિયપણે એકત્ર કરી રહ્યો છે. જો આ ં જ્ઞ માર્ગદર્શિકાઓનો સમાવેશી અને સાર્વત્રિક રીતે સ્વીકૃત ઉકેલ ન મળે, તો તેની સીધી અસર ભવિષ્યના રાજકારણ પર પડશે. આ માત્ર સામાજિક સંવાદિતાને અસર કરશે નહીં પરંતુ વ્યાપક હિન્દુ એકતાના ધ્યેયને પણ જોખમમાં મૂકી શકે છે. જ્યારે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસે જ્ઞાતિ વિભાજનની દિવાલો નબળી પાડી છે, ત્યારે રાજકારણ તેમને ફરીથી ઉભરી આવ્યું છે. ભૂતપૂર્વ વડા પ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહને મુખ્યત્વે પછાત જાતિઓના ઉત્થાનના નામે જ્ઞાતિ પ્રવચનને સત્તાના કેન્દ્રમાં લાવવાનો શ્રેય આપવામાં આવે છે. ૧૯૯૦ માં, તેમણે ચૌધરી દેવી લાલના રાજકીય પ્રભાવને રોકવા માટે મંડલ કમિશન રિપોર્ટ લાગુ કર્યો. આ નિર્ણયથી હિન્દુ સમાજ વૈચારિક અને સામાજિક રીતે ભારે વિભાજીત થયો. તે સમયે, લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં મંડલ કમિશન સામે વિરોધ શરૂ થયો, અને ઉચ્ચ જાતિના યુવાનો પોતાનું ભવિષ્ય અંધકારમય જોવા લાગ્યા. ત્યારબાદના રાજકારણે, મંડલ કમિશન દ્વારા સર્જાયેલા આ સામાજિક વિભાજનને દૂર કરવાને બદલે વધુ ઊંડું બનાવ્યું છે. જ્યારે સમાજ ધીમે ધીમે સરકારી નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામત સ્વીકારી રહ્યો હતો, ત્યારે ૨૦૦૬ માં મનમોહન સિંહ સરકારે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં પછાત વર્ગો માટે અનામત રજૂ કર્યું.

વિદ્યાર્થીઓ ફરી એકવાર આ નિર્ણયના વિરોધમાં રસ્તાઓ પર ઉતર્યા, જેનાથી સામાજિક વિભાજન વધુ વિસ્તર્યું. આજે, જેમ જેમ દેશ ભૂતકાળના સંઘર્ષોની યાદોમાંથી બહાર આવી રહ્યો હતો, તેમ તેમ યુજીસીના નવા માર્ગદર્શિકાઓએ ફરી એકવાર ભારતીય સમાજને ઊંડા આંતરિક સંઘર્ષ અને સામાજિક સંઘર્ષની અણી પર મૂક્યો છે. જોકે આ સંઘર્ષ હજુ સુધી જાહેરમાં શેરીઓમાં દેખાતો નથી, યુનિવર્સિટી કેમ્પસ આ વૈચારિક ઉશ્કેરાટથી ઘેરાયેલા છે. હાલમાં, શૈક્ષણિક સંસ્થાઓ બે અલગ અલગ જૂથોમાં વહેંચાયેલી દેખાય છે: માર્ગદર્શિકાના મજબૂત સમર્થકો અને કટ્ટર વિરોધીઓ. ૨૭ જૂન, ૧૯૬૧ ના રોજ, દેશના પ્રથમ વડા પ્રધાન, પંડિત જવાહરલાલ નેહરુએ તમામ મુખ્યમંત્રીઓને એક વિગતવાર પત્ર લખ્યો. આ પત્રમાં, નેહરુએ વર્તમાન જાતિ-આધારિત અનામત પ્રણાલીને મૂળભૂત રીતે નકારી કાઢી હતી. તેઓ અનામત-આધારિત વિકાસને બદલે "જ્ઞાન-કેન્દ્રિત સમાજ" બનાવવા માંગતા હતા. નેહરુએ સ્પષ્ટપણે લખ્યું: "મને કોઈપણ સ્વરૂપમાં અનામત પસંદ નથી, ખાસ કરીને નોકરીઓમાં અનામત. હું એવા કોઈપણ પગલાનો વિરોધ કરું છું જે બિનકાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે છે અને આપણને સામાન્યતા તરફ દોરી જાય છે." નેહરુ માનતા હતા કે જો આપણે દેશને આધુનિક અને સ્પર્ધાત્મક બનાવવા માંગતા હોય, તો આપણે યોગ્યતાને પ્રાથમિકતા આપવી જોઈએ. વિડંબના એ છે કે, જો વર્તમાન યુજીસી માર્ગદર્શિકાનો વિરોધ કરનારાઓ આજે પંડિત નેહરુના આ શબ્દોનું પુનરાવર્તન કરશે, તો તેઓ તરત જ "સામાજિક ન્યાય" ના વિરોધીઓ તરીકે લેબલ કરવામાં આવશે. આ હકીકત દર્શાવે છે કે છેલ્લા છ દાયકામાં ભારતીય રાજકારણ અને સામાજિક ચર્ચાની દિશા કેટલી બદલાઈ ગઈ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૮૧૭ અને ચાંદીના વાયદામાં રૂ.૧૨૧૯૦નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૧ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૪૮૫.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૫૭૬૪.૨૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૫૯.૮૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૨૨૫૩.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૬૪૮૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૫૭૬૪.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૨૭.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૪૫૯.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૬૦૦ અને નીચામાં રૂ.૧૫૮૧૧૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૮૭૬ના આગલા બંધ સામે રૂ.૨૮૧૭ વધી રૂ.૧૫૯૬૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૨૬ વધી રૂ.૧૨૭૯૭૮ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૨૮ વધી રૂ.૧૬૧૪૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૫૨ વધી રૂ.૧૫૭૪૫૫ થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૬૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૯૮૫ અને નીચામાં રૂ.૧૫૬૭૩૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૫૫૫૩ના આગલા બંધ સામે રૂ.૨૦૩૫ વધી રૂ.૧૫૭૫૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૦૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮૮૭૫ અને નીચામાં રૂ.૨૬૦૦૨૮ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૯૪૪ના આગલા બંધ સામે રૂ.૧૨૧૯૦ વધી રૂ.૨૬૫૧૩૪ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૪૩૯ વધી રૂ.૨૬૬૯૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૬૯૮ વધી રૂ.૨૬૫૮૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૩૬૧.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૯ વધી રૂ.૧૧૭૧.૦૫ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૬ વધી રૂ.૩૨૭.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૦ પૈસા વધી રૂ.૩૦૮.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૧૮૭.૬૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૫૭૦.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૮૦ અને નીચામાં રૂ.૩૪૮૧ના મથાળે અથડાઈ, રૂ.૭૯ વધી રૂ.૩૫૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૦૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૯૩ અને નીચામાં રૂ.૫૯૬૦ના મથાળે અથડાઈ, રૂ.૬૦૫૭ના આગલા બંધ સામે રૂ.૨૧ ઘટી રૂ.૬૦૩૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૮ ઘટી રૂ.૬૦૩૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧ વધી રૂ.૨૮૩.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૫૦ પૈસા વધી રૂ.૨૮૩.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૬ના ભાવે ખૂલી, રૂ.૩.૬ ઘટી રૂ.૯૫૨ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૮૭૦ વધી રૂ.૨૫૫૦૦ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૮ ઘટી રૂ.૨૫૫૪ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૮૩.૦૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૨૭૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૭૩૦.૧૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૩.૩૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬.૨૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૩.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૩.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૯૬.૬૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૨૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૭૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૮૪૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૮૭૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૨૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૪૩૬૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૬૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૪૦૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૬૬૧૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૦૭૮૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૬૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૦૯૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૬૦૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૯૮૮૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૯૦૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૫૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦૪૧ પોઈન્ટ વધી ૩૯૭૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૮ ઘટી રૂ.૩૬૭.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૨૧.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫ વધી રૂ.૩૮૨ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૬.૫ વધી રૂ.૪૫૩ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૪ વધી રૂ.૧૭.૬૯ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૭૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૩ પૈસા ઘટી રૂ.૦.૭૯ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૧૦ પૈસા વધી રૂ.૩૨૪.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૨૩.૧ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૯ ઘટી રૂ.૨૯૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૪૧.૫ ઘટી રૂ.૫૪૫ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૪ ઘટી રૂ.૧૧.૧૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા વધી રૂ.૬.૯૯ના ભાવે બોલાયો હતો.

# રામપુરા ગામે મંદિરની દિવાલ તોડવા મામલે ગેનીબેન ઠાકોરે ભાજપ પર સાધ્યુ નિશાન

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના રામપુરા ગામે મંદિરની દિવાલ તોડવાના મામલે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં કોંગ્રેસના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, સાંસદ ગેનીબેન ઠાકોર, અમૃતજી ઠાકોર, ચંદનજી ઠાકોર, રાજુ ગોહેલ અને મહીલા કોંગ્રેસ પ્રમુખ મનિષાબેન મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

મંદિરની દિવાલ તોડી પાડવાના મામલે ઠાકોર સમાજમાં આક્રોશ સાથે ભારે રોષ ફેલાયો છે. વિરોધ સ્વરૂપે યોજાયેલી આ આક્રોશ સભામાં કોંગ્રેસના નેતાઓએ પોલીસ અને વહિવટી તંત્ર પર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામજનોની લાગણીઓને ઠેસ પહોચાડવામાં આવી છે. અને યોગ્ય કાર્યવાહી થવી જોઈએ, આ લડત માત્ર રામપુરા ગામની નથી પરંતુ સમગ્ર ગુજરાત માટે એક સંદેશ છે, સાંસદ ગેનીબેને ઠાકોરે પોતાના સંબોધનમાં ભાજપ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે આ લડત માત્ર રામપુરા ગામની નથી, પરંતુ સમગ્ર ગુજરાત માટે એક સંદેશ છે.

તેમણે ગ્રામજનોની હિંમતના વખાણ કરતા જણાવ્યુ હતુ કે તમે અન્યાય સામે લડવાની તૈયારી બતાવી તે બદલ અભિનંદન, તમે અન્યાય સહન ન કર્યો અને સમગ્ર ગુજરાતનુ મનોબળ મજબુત કર્યુ તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે આખા ગુજરાતને અન્યાય સામે લડવાનો મેસેજ રામપુરા ગામથી મળ્યો છે. સાથે જ ચેતવણી આપતા કહ્યુ હતુ કે અમારા કોઈ કાર્યકરને ટાર્ગેટ કરવામાં આવશે તો અમે તેમની સાથે મજબુત રીતે ઉભા રહીશુ, સભા દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને મંદિર મુદ્દે ન્યાય ની માંગ સાથે એકતા દર્શાવી હતી.



## ગૃહ વિભાગમાં ૧૦ આઈપીએસ અને ૨૪૦ પીઆઈને પ્રમોશન તો મળ્યુ પણ પોસ્ટીંગના વાંધાઃ કોકડુ કયાં ગુંચવાયું?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ પહેલા હર્ષ પછી દુઃખની અવસ્થામાંથી પસાર થઈ રહી છે. આઈપીએસ અને પીઆઈ કેડરમાં પ્રમોશન આપી દેવાયા પછી મહિનાઓથી પોસ્ટીંગ નહી અપાતા હર્ષ પછી દુઃખની સ્થિતિ સર્જાઈ છે. ચર્ચાતો એવી છે કે નિર્ણય શકિતના અભાવનુ નુકશાન પોલીસ ભોગવી રહી છે.

ગાંધીનગર, ભાવનગર, જામનગર અને મહેસાણા તેમજ કલોલ ને પોલીસ કમિશન રેટ બનાવવા અને કચ્છ તેમજ બનાસકાંઠા બોર્ડર રેન્જનુ વિભાજન કરવાના મુદ્દે કોકડુ ગુંચવાયુ છે. હવે ગુજરાત દિવસે ગીફટ આપી ગુંચવાળો દુર કરાશે તેવી ચર્ચા છે. ગુજરાતમાં ૧૨ આઈપીએસ મહિના વિતી ગયા પછી પણ પોસ્ટીંગની રાહ જુએ છે. ડીજીપી અને એસપી રેન્ક ના ૧-૧ ઉપરાંત ૧૦ આઈપીએસને એસપી માં થી ડીઆઈજી રેન્કમાં પ્રમોશન આપી દીધા પછી ૬-૬ મહિના વિતવા છતાં પોસ્ટીંગ અપાયા નથી. હવે આઈપીએસ લોબીમાં એવો ગણગણાટ શરૂ થયો છે કે ૧૦ આઈપીએસ ને પ્રમોશન પછી ૬ મહિનાથી પગાર મળ્યો નથી. પગાર કયા હેડ માં થી કરવો તેની અસમંજસ ના કારણે ૧૦ આઈપીએસ ને જયારે પોસ્ટીંગ અપાશે તે પછી જેટલા મહિનાનો બાકી હશે તે પગાર અપાશે.

## પાટણ જિલ્લામાં ભાજપ નેતાના દિકરાના લગ્નમાં ઠાકોર સમાજના બંધારણનુ ઉલ્લંઘનઃ વાયરલ વિડીયો બન્યો ચર્ચાનો વિષય

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણમાં જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખના દિકરાના લગ્નમાં ઠાકોર સમાજનુ બંધારણનુ ઉલ્લંઘન થયુ હોવાના વિડીયો વાયરલ થતા ઠાકોર સમાજમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પૂર્વ ભાજપ પ્રમુખે લગ્નમાં બે વાર જમણવાર કરી બંધારણના નિયમો તોડયા હોવાનુ ઠાકોર સમાજમાં ગણગણાટ શરૂ થયો છે. દશરથજી ઠાકોરના પુત્રના લગ્નમાં રીસેપ્શનમાં ઠાકોર સમાજનુ બંધારણ ઉલ્લંઘન થયુ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. લગ્ન રીસેપ્શનમાં બંધારણ રચનાર ગેનીબેન ઠાકોર અને ચંદનજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુદ્દે સોશીયલ મીડીયામાં ઠાકોર સમાજના અનેક લોકો પ્રતિક્રિયાઓ પણ આપી રહ્યા હતા.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com


## વિધાનસભા ગૃહમાં સરકારે કબુલ્યુ : જામનગરની જેસીસી હોસ્પીટલમાં પીએમ જેએવાય અંતર્ગત ૮,૬૯,૪૭૦ લાખ નુ થયુ કૌભાંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

જામનગરની જેસીસી હોસ્પીટલમાં પીએમ જેએવાય અંતર્ગત ૮,૬૯,૪૭૦ નુ કૌભાંડ થયાનો સરકારે વિધાનસભા ગૃહમાં સ્વીકાર કર્યો હતો. વિધાનસભા ગૃહમાં અમીત ચાવડાના પ્રશ્નના જવાબમાં સરકારે કૌભાંડનુ કબુલ કર્યુ હતું. આરોગ્ય મંત્રીએ કહ્યુ હતુ કે જેસીસી હોસ્પીટલમાંથી રૂપીયા ૮,૬૯,૪૭૦ નુ કૌભાંડ પકડાયુ હતું. બાદમાં જેસીસી હોસ્પીટલ પાસેથી રૂપીયા ૮,૬૯,૪૭૦ દંડ રૂપે વસુલાયા હતા. ડોકટર પાર્શ્વ વોરાને પીએમ જેએવાય યોજનામાંથી સસ્પેન્ડ કરાયા હતા. ગેરરીતી બદલ જામનગર જિલ્લામાં ૨૯ હોસ્પીટલ સસ્પેન્ડ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં ઉર્જા મંત્રીએ ભુલ કરતા અધ્યક્ષે ટકોર કરી હતી, ઋષીકેશ પટેલે અમારા મુખ્યમંત્રી એવા




શબ્દનો પ્રયોગ કરતા અધ્યક્ષે ટકોર કરી હતી, અધ્યક્ષે ટકોર કરી હતી કે મુખ્યમંત્રી આપડા હોય અમારા ના હોય, મુખ્યમંત્રી સમગ્ર રાજયના હોય તેવી અધ્યક્ષે ટકોર કરી હતી. અધ્યક્ષની ટકોર બાદ ગૃહમાં ઋષીકેશ પટેલે ભુલ સ્વીકારી માફી માંગી હતી.

અમદાવાદ ગાંધીનગરમાં પાણીજન્ય રોગોચાળાનો મુદ્દો વિધાનસભા ગૃહમાં ગુંજયો હતો. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના સવાલમાં સરકારે આંકડા રજુ કર્યા હતા. સરકારે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૪ ની સામે ૨૦૨૫ ના બે મહિનામાં ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળો વધ્યો હતો. અમદાવાદની સરખામણીએ પાટનગર ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળો વધારે હતો, ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૪ માં પાણીજન્ય રોગચાળાના ૭૪૫૯ કેસ અને ૨૦૨૫ માં ૬૫૪૨ કેસ જયારે અમદાવાદમાં વર્ષ ૨૦૨૪ માં પાણીજન્ય રોગચાળાના ૧૨૧૪૧ કેસ અને ૨૦૨૫ માં ૧૦૧૨૧ કેસ નોંધાયા હતા. એ જ રીતે ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૪ માં કમળાના ૧૦૫ ની સામે વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૧૮૧ કેસ, ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૪ માં ટાઈફોઈડના ૧૩૮ સામે વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૨૬૬ કેસ, ગાંધીનગરમાં વર્ષ ૨૦૨૪ માં મેલેરીયાના ૪૫ કેસ સામે વર્ષ ૨૦૨૫ ના શરૂઆતમાં ૪૧ કેસ , અમદાવાદમા વર્ષ ૨૦૨૪ માં કમળાના ૨૪ ની સામે વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૩૧ કેસ, અમદાવાદમાં વર્ષ ૨૦૨૪ માં ટાઈફોઈડના ૭૩ સામે વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૫૭ કેસ, અમદાવાદમાં વર્ષ ૨૦૨૪ માં મેલેરીયાના ૬ કેસ સામે, વર્ષ ૨૦૨૫ ની શરૂઆતમાં ૪ કેસ નોંધાયા હતા.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૨૩/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૦૬ | ૪૭૫.૦૦ | ૫૩૯.૦૦ |
| ૨ | મગફળી | ૫૩ | ૧,૩૮૦.૦૦ | ૧,૭૦૧.૦૦ |
| ૩ | એરંડા | ૫૫ | ૧,૨૬૧.૦૦ | ૧,૨૭૩.૦૦ |
| ૪ | રાયડો | ૧૧૩ | ૧,૦૫૧.૦૦ | ૧,૧૪૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૨૫૦.૦૦ | ૩૨૦.૦૦ |
| ૭ | તુવર | ૩૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૩૯૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૧૪૪ | ૧,૪૩૩.૦૦ | ૧,૫૭૭.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ચિંતાજનક રીતે રોજ રોજ બનતા સાયબર ફ્રોડના ગુન્હાઓ કેમ રોકાતા નથી?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ ભારતભરમાં સાયબર છેતરપિંડીનું નેટવર્ક એટલું વ્યાપક બન્યું છે કે કોણ ક્યારે અને ક્યાં ભોગ બનશે તે આગાહી કરવી અશક્ય છે. આવા કેસોમાં ઝડપથી વધારો એ ગંભીર ચિંતાનો વિષય છે.

અહીં પ્રશ્ન એ છે કે આધુનિક ટેકનોલોજીના આ યુગમાં સાયબર છેતરપિંડી કેમ રોકી શકાતી નથી? લોકો છેતરપિંડીનો ભોગ બને છે. તેમના જીવનભરની બચત ગુમાવે છે. એમાંય "ડિજિટલ ધરપકડ" જેવા કિસ્સાઓમાં પીડિતોને માનસિક ત્રાસ પણ ભોગવવો પડે છે.

આવા ગુન્હાઓને રોકવાના પ્રયાસમાં કેન્દ્ર સરકારે ગૃહ મંત્રાલયના વિશેષ સચિવની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રી સમિતિની રચના કરી છે. આ સમિતિએ એમ પણ કહ્યું છે કે સીબીઆઈ હવે "ડિજિટલ ધરપકડ" સંબંધિત તમામ કેસોની તપાસ કરશે. જોકે આ સરકારી પગલું ફક્ત ત્યારે જ અસરકારક સાબિત થશે જો સાયબર છેતરપિંડી કરનારાઓને ગુનો કરતાં પહેલા પકડવામાં કે રોકવામાં આવે. પરંતુ જે રીતે આપણે ત્યાં ડિજિટલ અરેસ્ટના બનાવો સતત વધી રહ્યા છે અને એમાં ઉચ્ચશિક્ષિત લોકો પણ સપડાઈ રહ્યા છે એ ચિંતા ની બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે એક આદેશમાં "ડિજિટલ ધરપકડ" ની વધતી જતી ઘટનાઓ બાબતે ચિંતા વ્યકત કરી હતી. અને કહ્યું હતુ કે સરકારે તેની સામે કામ પાર પાડવા માટે કડક પગલાં લેવા જોઈએ. હકીકતમાં દેશમાં ઓનલાઈન વ્યવહારોમાં વધારા સાથે સાયબર છેતરપિંડીના કેસોમાં પણ વધારો થયો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે સામાન્ય નાગરિકો ખાસ કરીને વૃધ્ધો નવી ટેકનોલોજી અને ઓનલાઈન જોખમોથી અજાણ છે. એક નાની ભૂલ થી છેતરપિંડી કરનારાઓ લાખો રૂપિયા પળભરમાં ઉઠાવી શકે છે. દરરોજ સાયબર છેતરપિંડીની નવી પધ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે તે ચિંતાજનક છે.

આવી સ્થિતિમાં ડિજિટલ સાક્ષરતા ધ્વારા વ્યાપક સ્તરે સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. મુદ્દો ફકત આવા કેસોની તપાસ કરવાનો નથી પરંતુ તે બનતા પહેલા તેને અટકાવવાનો પણ છે. જ્યાં સુધી સાયબર ગુનેગારોને પકડવા માટે એક મજબૂત તંત્ર સ્થાપિત ન થાય ત્યાં સુધી આવા કેસોને સંપૂર્ણપણે કાબૂમાં લેવાનું શક્ય બનશે નહીં.

અત્યાર સુધી સરકાર સાયબર સુરક્ષા માટે જે કાર્યવાહી કરી રહી છે એમાં જનતા એટલેકે યુઝર્સ પર જ સઘળો સાવચેતીનો ટોપલો ઢોળી દેવાય છે.

હવે આપણે ત્યાં શિક્ષિત લોકો પણ આ સાયબર છેતરપિંડીની આટીમાં ફસાઈ જાય છે. તો પછી જેમની વસતી આપણે ત્યાં ખૂબ મોટી છે એવા અર્ધશિક્ષિત કે અશિક્ષિત લોકોની શી વિસાત??

# સુરત મહાનગરપાલિકામાંથી સ્વૈચ્છીક નિવૃત્તિ લેનારા ઉચ્ચ અધિકારીઓની પણ ACB ધ્વારા તપાસ કરવી જરૂરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકા જાણે કે ભ્રષ્ટાચારનો અખાડો બની ગઈ હોય એમ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થયેલા અધિકારીઓ સુરત મ.ન.પા ને જાણે કે દલા તલવારીનું ખેતર સમજી ગયા હોય એમ પોતાના હોદ્દાની રૂએ લાંબી ટૂંકી રોકડી કરવામાં પાછા નહીં પડતાં અને અરજદારને મજબૂર બનાવી ખંખેરી લેતા હતા. સદર અધિકારીઓ વિરુધ્ધ સુરત મ.ન.પા ની વિજિલન્સમાં કેટલીય લેખિત ફરિયાદો અરજદારો ધ્વારા કરવામાં આવતી હોવા છતાં આજદિન સુધી સુરત મ.ન.પા ની વિજિલન્સ બ્રાન્ચે કશું ઉકાળ્યું નહીં હોવાથી મ.ન.પા ના અધિકારીઓની જોહુકમીથી કંટાળેલા અરજદારો હવે જાગૃત બની ને ACB (એન્ટી કરપ્શન બ્રાન્ચ) નો સંપર્ક કરી ને મ.ન.પા અધિકારીઓને સાણસામાં લઈ રહયા છે. ત્યારે આપણે હવે વાત કરવાની છે કે જે અધિકારીઓએ સને ૨૦૨૦ થી આજદિન સુધીમાં સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી છે એવા અધિકારીઓની પણ ACB ધ્વારા જો તપાસ કરવામાં આવે તો એવા અધિકારીઓએ સુરત શહેરના વિવિધ વિસ્તારો સહિત વિદેશોમાં પણ મિલકતો વસાવી છે. એટલું જ નહીં એમના વૈભવી બંગલા અને કરોડો રૂપિયાના ફલેટો ધરાવે છે, લકઝૂરિયસ ગાડીઓ ધરાવે છે અને એમના સંતાનો મોંઘી ફી ભરીને વિદેશોમાં અભ્યાસ કરી રહ્યા છે. આવી તમામ બાબતોની પણ તલસ્પર્શી તપાસ કરવી જરૂરી છે. આવા અનેક ચોંકાવનારા સમાચારોનો વિગતવાર અહેવાલ સ્વૈચ્છીક નિવૃત્તિ લેનાર અધિકારીઓના નામ હોદ્દા સાથેનો ટૂંક સમયમાં જ પ્રસિધ્ધ કરી પર્દાફાશ કરવામાં આવશે. એમાં ખાસ કરીને જે અધિકારીઓએ ફરજ દરમ્યાન વારંવાર વિદેશોની ટુરો કરી છે તેમજ જે અધિકારીઓએ કયા કારણોસર એકાએક સ્વૈચ્છીક નિવૃત્તિ લીધી છે. અને સાથે સાથે જે અધિકારીઓ ફરજ દરમ્યાન ભ્રષ્ટાચાર કરી ને અપ્રમાણસર મિલકતો બનાવી, એમના બેંક લોકરો ની સાથે સાથે ખેતીવાડીની જમીનો અને ફાર્મ હાઉસ ધરાવે છે અને લકઝૂરિયસ લાઈફ જીવતા હોય એવા વયનિવૃત્ત થતાં જેઓ રિટાયર્ડ થયેલા છે એવાની પણ ACB ધ્વારા તપાસ કરાય એ જ સમયની માંગ છે.

# ભ્રષ્ટાચાર-દિકરીની જાસુસી કરનારાના મોંઢે વંદે માતરમ્ નારો શોભતો નથી: જિગ્નેશ મેવાણી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામા હાલ બજેટસત્ર ચાલી રહ્યુ છે. ત્યારે વિધાનસભા ગૃહમાં મુખ્યમંત્રીએ વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીનો સંકલ્પ ગૃહમાં રજુ કર્યો હતો. વંદે માતરમ્ ગીત લઈને ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ નિવેદન આપ્યુ હતું કે તેઓએ કહ્યુ હતુ કે દેશની તમામ જાતિ અને જ્ઞાતિ એ સાથે મળી સ્વતંત્રતાનો પાયો નાંખ્યો છે. હિન્દુ, મુસ્લીમ, શીખ, ઈસાઈએ પાયો નાંખ્યો છે. અંગ્રેજો સામે લાઠી ખાધી છે, ફાંસીના માંચડે ચઢયા છે. તેઓએ વધુમા જણાવ્યુ હતું કે કોઈ એક સમુદાયના લોકોનો આ નારો ન હતો, આ દેશ માટે મુસ્લીમ સમુદાયે પણ બલીદાન આપ્યુ છે. મને ગર્વ છે કે હું કોંગ્રેસ પાર્ટીનો સભ્ય છું, આ એ પાર્ટી છે કે જેને આઝાદી માટે વંદે માતરમ્ ગાનના નારા સાથે શહીદ થયા છે. તેઓએ વધુમાં કહ્યુ હતુ કે ભાજપ ગુજરાત વિધાનસભામા વંદે માતરમ્ સંકલ્પ લઈને આવી છે. કોંગ્રેસ પાર્ટીએ અંગ્રેજો સામે સ્વાતંત્ર્યનો પાયો નાખ્યો હતો. હિન્દુ મુસ્લીમની એકતાએ દેશની આઝાદીનો પાયો નાખ્યો હતો. વિધાનસભા સત્ર પુરૂ થાય તે પહેલા ભાજપ વંદે માતરમ્ બોલીને શહીદ થયા હોય તેવા ૧૧ આરએસએસ લોકોના નામ જાહેર કરે, ભ્રષ્ટાચાર, દિકરીની જાસુસી કરનારાના મોઢે વંદે માતરમ્ નારો શોભતો નથી.

### લોકોને યોગ્ય જગ્યા આપવામાં આવે કે પછી વૈકલ્પિક જગ્યા મળે તેવી પીડીતોની માંગ

# રાજકોટના જંગલેશ્વરમાં ડીમોલીશન: જયાં બાળકોની કીલકારી ગુંજતી ત્યાં બુલ્ડોઝર ફરી વળ્યા: રડતા રડતા મહિલાઓએ કહ્યુ ઘર વગરના કહી નાખ્યા





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે સોમવારે રાજકોટના ઈતિહાસનુ સૌથી મોટુ ડીમોલીશન હાથ ધરવામાં આવ્યુ હતું. મહાનગરપાલિકાની ટીમ દ્વારા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આજે સોમવાર સવાર થી જ જંગલેશ્વર વિસ્તારમાં બાંધકામો તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડીમોલીશનની કામગીરી દરમિયાન હૃદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આસરો ગુમાવનારા પરીવારજનો ભાવુક થઈ ગયા હતા. જે શેરીઓમાં બાળકોની કીલકારી ગુંજતી હતી ત્યાં આજે બુલ્ડોઝર ફરી વળ્યા હતા. આસરો છીનવાઈ જતા મહિલાઓ ચોંધાર આંસુએ રડી પડી હતી.

મનપાની ટીમ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે જંગલેશ્વરમાં ડીમોલીશન કરવામાં આવ્યુ હતું. જે બે દિવસ સુધી ચાલનારૂ છે. ડીમોલીશનની કામગીરી દરમિયાન ત્યારે આસરો છીનવાતા મહિલાઓ રડી પડી હતી. રડતા રડતા મહિલાઓએ પોતાની વેદના મીડીયા સમક્ષ જણાવી હતી. એક મહિલાએ જણાવ્યુ હતુ કે છેલ્લા ૬૦ વર્ષથી અહી રહેતા હતા. ૬૦ વર્ષથી રહેતા હતા ત્યારે તો કોઈ કઈ કહેવા ન આવ્યુ અને હવે અમને ઘર વગરના કરી નાખ્યા છે. જે ઘરમાં જીંદગી વિતાવી એ ઘર પાડી નાખે ત્યારે કેવુ લાગે, સ્થાનિક વ્યકિતઓએ જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં જે કોઈ લોકો રહે છે તેમને કાયદો વ્યવસ્થા અને ન્યાય પાલિકા પર ભરોસો છે. આ પરીસ્થિતિની અંદર છેલ્લા ૪૮ કલાકમાં જે ડીમોલીશન થયુ છે તે લોકો દ્વારા સ્વૈચ્છિક રીતે કરવામાં આવ્યુ છે. ૧ હજાર થી વધારે લોકોના મકાન અને બીજી નાની મોટી પ્રોપર્ટીમાં કેટલીક દુકાનો અને મકાનોને ડીમોલીશન થયુ છે. હાલ તંત્ર દ્વારા જે કામગીરી સવાર થી શરૂ કરવામાં આવી છે એ સંદર્ભે જોઈએ તો ૮૦ થી ૮૫ ટકા જેટલુ ડીમોલીશન સ્થાનિક લોકોએ પોતાની રીતે સ્વૈચ્છિક જ કરી નાખ્યુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે હાલ જે સ્થિતિ છે તેને હું શબ્દોમાં વર્ણવી શકુ તેમ નથી. આ દ્રશ્યો જોઈ શકાતા નથી કે બાળકો અને મહિલાઓની ચીસો સાંભળી શકાતી નથી. જેમણે અહી જીંદગી કાઢી નાખી તેમની આ સ્થિતિ જોઈ શકાય તેમ નથી, તંત્ર પાસે અમારી માંગણી છે કે આ લોકોને જગ્યા આપવામાં આવે કે પછી વૈકલ્પિક જગ્યા મળે, પોલીસ અધિકારીઓએ મીડીયા સમક્ષ જણાવ્યુ હતુ કે શહેરમાં ચાલી રહેલા મેગા ડીમોલીશન ડ્રાઈવ અંતર્ગત ૭ ઝોનમાં એક સાથે ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે પોલીસ કમિશ્નર ના સીધા સુપરવિઝન હેઠળ વ્યાપક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્ત માં ૨૫૦૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં મહિલા પોલીસ કર્મીઓનો પણ સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે મહિલાઓ, બાળકો અને વૃધ્ધો સાથેના વ્યવહારમાં સંવેદનશીલતા જાળવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે.આ ઉપરાંત સોશીયલ મીડીયા, મોનીટરીંગ સેલ અને ડ્રોન સર્વેલન્સ ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે ૧૦ જેટલી એસઆરપીએફ (રાજય રીઝર્વ પોલીસદળ) કંપનીઓ પણ ફરજ પર છે. તમામ વરીષ્ઠ અધિકારીઓ પોતાની એન્ટી રાયટ ટીમો સાથે સ્થળ પર હાજર રહી પરીસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

# અમદાવાદ શહેરમાં ઉભરાતી ગટરને સાફ કરવાના બહાને સળીયા મારવા પાછળ એક વર્ષમાં જ ૨૭ કરોડ ચુકવાયા



પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં ગટર ઉભરાવવાની સમસ્યા હલ કરવાના નામે કહેવાતી મંડળીઓને એક જ વર્ષમાં ૨૭ કરોડ જેટલી માતબર રકમ ચુકવી દઈ મોટુ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનો આક્ષેપ વિપક્ષ નેતાએ ઈજનેર ખાતામાં કરતા સનસનાટી મચી જવા પામી છે.

અમદાવાદ મ્યુનિસીપલ કોંગ્રેસના વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે જણાવ્યુ હતુ કે શહેરમાં નાની મોટી ગટર લાઈનોની જાળ બીછાવવામાં આવી છે. જેમાં નાની ગટર લાઈનો તેમજ મેન હોલ સાફ કરવા માટે મંડળીઓને કામ સોંપવાનો નિર્ણય લેવાયો ત્યારથી અનેક લોકોને કમાણીનુ સાધન મળી ગયુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે મોટી ગટર લાઈન સાફ કરવા માટે માનીતા કોન્ટ્રાકટરોને કરોડોના કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે. આટલુ ઓછુ હોય તેમ મ્યુનિસીપલ કોર્પોરેશનના ખર્ચના જોખમે ડ્રેનેજ ડીસિલ્ટિંગ ના જાત જાત ના મશીનો ખરીદી ને મળતીયાઓને ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના રૂડા રૂપાડા નામે કમાણી કરવા પધરાવી દેવામાં આવ્યા છે. એકંદરે શહેરી ગટર લાઈનોની સફાઈના નામે કોર્પોરેશનની તીજોરીને સાફ કરવામાં વ્યાપક મીલીભગત ચાલી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યુ હતુ કે દરેક વોર્ડ વિસ્તારમાં ગટર ના ગંદા પાણીને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તરફ ધકેલવા માટે લાખો કરોડો ના ખર્ચે સુએજ પમ્પીંગ સ્ટેશનો બનાવાયા છે અને તેના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટ પણ લાગતા વળગતાઓને જ અપાયા છે. જો આ પમ્પીંગ સ્ટેશનો યોગ્ય ક્ષમતા થી ચાલે તો શહેરમાં ગટર લાઈને ઉભરાવવાની સમસ્યા સાવ ઓછી થઈ જાય તેમ છે પરંતુ દરેકને કમાણીની તક આપવા માનતા સત્તાધીશોની રહેમ નજર હેઠળ બધુ લોલમલોલ ચાલે છે, વિપક્ષ નેતાએ વધુમાં કહ્યુ હતુ કે તેમને મળેલી માહિતી મુજબ નાની ગટર લાઈનો અને મેન હોલ સાફ કરવા માટે જે રકમ ચુકવાઈ છે તે જોઈને શહેરીજનોના ટેક્ષના નાણાંનો ચોકકસપણે દુર્વ્યય થઈ રહ્યો છે તેવુ લાગી રહ્યુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે વરસો અગાઉ નાની ગટર લાઈન અને મેન હોલ કોર્પોરેશનના જ સફાઈ કામદારો જ સાફ કરતા હતા અને નાની લાઈનો તો રસ્સા ખેંચ થી જ સાફ થઈ જતી હતી. ત્યારબાદ સુપ્રિમ કોર્ટના નામે મશીનો વસાવાયા અને નાની ગટર લાઈન તેમજ મેન હોલ સાફ કરવાના કોન્ટ્રાકટ મંડળીઓને જ આપવાનો નિર્ણય લેવાયો હતો. સત્તાધારી ભાજપના આ નિર્ણય બાદ દરેક વોર્ડ માં ઢગલાબંધ મંડળીઓની રચના થઈ ગઈ છે અને તેમા રાજકીય આગેવાનો, યુનિયનના આગેવાનો, વોર્ડ ના ઈજનેરો સહિત અનેક લોકોની છુપી ભાગીદારી હોવાનો આક્ષેપ કરતા વિપક્ષ નેતાએ કહ્યુ હતુ કે ૭ ઝોનમાં ૭૯૫ મંડળીઓને વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષમાં ૨૬.૯૬ કરોડ એટલે કે ૨૭ કરોડ ચુકવી દેવાયા છે તેમ છતાં દરેક જગ્યાએ સમસ્યા હલ થઈ નથી. તેનુ કારણ આપતા શહેઝાદખાન પઠાણે જણાવ્યુ હતુ કે આ મંડળીઓ ગટર લાઈન કે મેન હોલ સાફ કરવા જાય તે પછી વોર્ડ ના ઈજનેરો દ્વારા કોઈ જ ચેકીંગ કરાતુ નથી અને ફકત બીલો માં સહી કરતા હોય છે, તેના કારણે ડ્રેનેજ ડીસિલ્ટિંગ મંડળીઓના કામદારો જેવુ તેવુ કામ કરીને આવતા રહે છે. તેથી જ થોડા સમયમાં ફરી ગટર ભરાવવા સહિતની સમસ્યા ચાલુ થઈ જાય છે.

## પાપી પેટ કા સવાલ હે?




ઉપરોક્ત તસવીર સુરત કોટસફીલ રોડ ઉપર આવેલા પે એન્ડ યુઝ ટોઈલેટની છે. જેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે સદર જગ્યાની સાફ-સફાઈ કરનારા પોતાની ભૂખ સંતોષવા પે એન્ડ યુઝ ના મુખ્ય દરવાજા પાસે જ ટેબલ ઉપર બેસી પેટની આગ ઠારી રહ્યો છે ત્યારે કાળા માથાના માનવીએ કાળી મજૂરી કરીને પણ પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરવા પેશાબની વાસ વચ્ચે મજબૂરી વશ પણ પેટને ભાડું આપવું પડે છે. એવી આ તસવીર કારમી મોંઘવારી, બેકારી અને મજબૂરીના મિશ્રણનો જીવતો જાગતો નમૂનો છે.

(તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા ધ્વારા)

# બાળકોને શિક્ષણ આપવાનુ કે દારૂ પીવાનો? લામડાપુરામાં નશાખોર આચાર્ય સામે લોકોનો આક્રોશ






### લામડાપુરા પ્રાથમિક શાળાના મુખ્ય દરવાજા પર ગ્રામજનોએ તાળુ માર્યુ: આચાર્ય નશો કરતો હોવાના આક્ષેપ સાથે તાળાબંધી

પ્રતિનિધિ,ગાંધીનગર

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા જીલ્લાના સાવલી તાલુકાના લામડાપુરા ગામના લોકોએ શાળાના આચાર્ય વિરૂધ્ધ ભારે હોબાળો મચાવ્યો છે.

આજે સોમવારે ગ્રામજનોએ આક્રોશમાં આવીને લામડાપુરા પ્રાથમિક શાળા ના મુખ્ય દરવાજા પર તાળાબંધી કરી હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે શાળાના આચાર્ય નશો કરીને શાળાએ આવે છે જેના કારણે બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર ગંભીર અસર પડી રહી છે. સ્થાનિકોના કહેવા પ્રમાણે આ આચાર્યનુ વર્તણુંક લાંબા સમયથી વિવાદાસ્પદ રહી છે. ગ્રામજનોએ અનેકવાર શિક્ષણ વિભાગને આ બાબતે રજુઆતો કરી હતી. આચાર્ય ની તાત્કાલીક બદલી કરવાની માંગણી કરવામાં આવી હતી. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી ન હતી અંતે કંટાળેલા વાલીઓ અને ગ્રામજનોએ આજે સોમવારે શાળાને તાળાબંધી કરવાનો નિર્ણય લીધો હતો. ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા હતા કે આચાર્ય શાળામાં બાળકોને ભણાવવા આવે છે કે દારૂ પીવા ? પોલીસની હાજરી માં જ આવા આકરા સવાલો કરી આચાર્યની બદલીની માંગ કરી છે. શાળાને તાળાબંધી કરવામાં આવી હોવા છતાં ગ્રામજનોએ બાળકોનુ શિક્ષણ બગડે નહી તેની તકેદારી રાખી હતી. તમામ વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયત ના પરીસરમાં બેસાડવામાં આવ્યા હતા અને ત્યાંજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવી હતી.

ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમા જણાવ્યુ હતુ કે જયાં સુધી નશાખોર આચાર્ય વિરૂધ્ધ કાર્યવાહી નહી થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગ્રામજનોએ મંજુસર પોલીસ મથકે અને શિક્ષણ વિભાગને ટેલીફોનીક જાણ કરી હતી જેથી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. ગ્રામજનોએ વહેલી તકે આચાર્યની બદલી કરી નાંખવા માંગ કરી હતી. તો બીજી તરફ આચાર્ય એ આક્ષેપોને નકાર્યા હતા જો આચાર્યની બદલી નહી થાય તો ગ્રામજનોનો વિરોધ વધુ ઉગ્ર બને તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૭ લાખ થી વધુ નવા આયુષ્યમાન કાર્ડ મંજુર: ૨૭.૫૫ લાખ દાવાપેટે કુલ રૂપીયા ૭૨૩૫.૩૯ કરોડની રકમ ચુકવાઈ




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત વિધાનસભા ગૃહમાં આયુષ્યમાન ભારત કાર્ડ ની વિગતો આપતા આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે હાલની સ્થિતિએ રાજયમાં ૨.૭૩ કરોડ આયુષ્યમાન કાર્ડ એકટીવ છે. છેલ્લા બે વર્ષમાં નવા આયુષ્યમાન કાર્ડ તેમજ મંજુર દાવાની વિગતો આપતા આરોગ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૨૫.૨૪ લાખ નવા કાર્ડ મંજુર કરવામા આવ્યા હતા. જયારે ૧૩.૪૦ લાખ દાવાઓ માટે કુલ રૂપીયા ૩૬૬૬.૫૩ કરોડ ની રકમ મંજુર કરવામાં આવી હતી. આજ પ્રકારે વર્ષ ૨૦૨૫-૨૬ માં અત્યાર સુધીમાં નવા ૩૧.૭૮ લાખ કાર્ડ મંજુર કરવામાં આવ્યા છે. જયારે ૧૪.૧૫ લાખ દાવાઓ સામે કુલ રૂપીયા ૩૫૬૮.૯૬ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે. પાનસેરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ યોજનાના નિયમો કે એસઓપી નુ ઉલ્લંઘન કરનાર હોસ્પીટલો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૪૯ હોસ્પીટલોને સસ્પેન્ડ કરવામાં આવી છે. જયારે ૨૯ હોસ્પીટલનુ સસ્પેન્શન હાલ પણ અમલમાં છે. જામનગરની જેસીસીસી હોસ્પીટલના કિસ્સામાં રૂપીયા ૮.૬૯ લાખ ની પેનલ્ટી વસુલવા ઉપરાંત જવાબદાર તબીબને યોજનામાં થી સસ્પેન્ડ કરી મેડીકલ કાઉન્સિલમાં પણ જાણ કરવામાં આવી હોવાનુ મંત્રીએ કહ્યુ હતું.

# ગુજરાત સરકારને બે વરસમાં માત્ર લીકર પરમીટ ફી ની જ થઈ ૧૬ કરોડ થી વધુની આવક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં રાજયમાં બજેટસત્ર ચાલી રહ્યુ છે. ૧૫ મી વિધાનસભાના બજેટસત્રમા પ્રશ્નોત્તરી દરમિયાન ગૃહમાં દારૂ બંધીનો મુદ્દો ઉઠયો હતો. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિધાનસભા ગૃહમાં લીકર માટેની કેટલી પરમીશન સરકારને મળી છે તે મુદ્દો ઉઠાવ્યો હતો. વિધાનસભામા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યુ હતુ કે ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા અમદાવાદ સીવીલ હેલ્થ પરમીટ માટેની કેટલી ભલામણો આવી છે. તે અંગે સરકારે જવાબ આપતા જણાવ્યુ હતુ કે ૨૧/૧/૨૦૨૪ થી ૨૦/૧/૨૦૨૫ દરમિયાન ૨૯૩ નવી અરજીઓ મળી છે. તેમજ ૨૧/૧/૨૦૨૫ થી ૨૦/૧/૨૦૨૬ સુધી ૯૫૬ એમ કુલ બે વર્ષમા ૧૨૪૮ જેટલી અરજીઓ મળી હતી. જયારે રીન્યુ માટે પ્રથમ વર્ષ ૨૯૬૭ અરજીઓ રીન્યુ માટે મળી હતી. તેમજ ૨૯૫૫ જેટલી અરજીઓ રીન્યુ માટેની હેલ્થ વિભાગને મળી હતી. જેમાં અમદાવાદ સીવીલ હોસ્પીટલમા હેલ્થ માટેની પરમીશનની બે વર્ષમાં ૧૧૬૧ જેટલી ભલામણો મંજુર કરવામાં આવી છે. જયારે રીન્યુ માટેની ભલામણ અરજીઓની વાત કરીએ તો ૫૮૮૬ જેટલી અરજીઓ મંજુર કરવામાં આવી છે. જો કે સરકારે કબુલ કર્યુ છે કે ૨૯ જેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમા નામંજુર કરવામાં આવી છે. જે માટે બે વર્ષમાં લીકર પરમીટ માટે સરકારને અધધ કમાણી થઈ હતી. જે મુજબ પરમીટ માટેની ફી ની રકમ ૧૬ કરોડ ૫૧ લાખ ૮૩ હજાર આવક થઈ છે. આમ ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ અમદાવાદ સીવીલ હોસ્પીટલના હેલ્થ વિભાગને લીકર માટેની પરમીશન માટેની કેટલી અરજીઓ આવે છે જેપૈકી અધધ અરજીઓ લીકર પરમીશન માટેની પાસ કરી હોવાનુ ગૃહમા આરોગ્ય મંત્રી દ્વારા કબુલાત કરવામાં આવી હતી. જો કે દારૂબંધી વચ્ચે પરમીશન માટેની હોડ પણ મોખરે હોય તેવુ લાગે છે.

**પશ્ચિમ રેલ્વે**

**કવર શેડ અને સંલગ્ન સુવિધાઓનું વિસ્તરણ**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં.BCT/25-26/317 તા. 17/02/2026. કાર્ય અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ(CFO યાર્ડ) - પિટ લાઇન નં. 5 અને 6 નું વિસ્તરણ, કવર શેડ 60 મીટર) અને સંલગ્ન સુવિધાઓ (સંયુક્ત ટેન્ડર). કામની અંદાજિત કિંમત: રૂ. 9,34,30,532.59/- EMD: રૂ. 6,17,200/-. સબમિશનની તારીખ અને સમય: તા. 17.03.2026 ના રોજ 15:00 કલાકે. ખુલવાની તારીખ અને સમય તા. 17.03.2026 ના રોજ, 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1144

અમને લાઇક કરો: facebook.com/WesternRly





વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત

ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

## ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

### 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ
**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઇ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે
**₹૨૦૦૦ કરોડની જોગવાઇ**

**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા
**₹૪૨૭૨ કરોડની જોગવાઇ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલૉજીથી સ્માર્ટ બનાવવા
**₹૧૨૫૦ કરોડનું રોકાણ તેમજ ₹૫૦ કરોડના રોકાણથી**
૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ
**₹૩૪૭૨ કરોડની જોગવાઇ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ
**₹3000 કરોડની જોગવાઇ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫૦૦ કરોડનું આયોજન**

સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઇ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય



કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઇ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઇ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬૦૦ કરોડની જોગવાઇ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫૦૦ AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫૦૦ મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઇ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬૦ કરોડની જોગવાઇ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪૦ નો વધારો કરી ₹ ૨૫૦૦ કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત